


શ્રાવણ મહિનામાં તો મને થોડી વાર ધાર્મિક કાર્યક્રમો જોવા દે. આખું વર્ષ તો તેં સાસુ-વહુની સિરીયલો જોઇ !!!

# ગાંધીનગર જિલ્લા સાયકલીંગ એસોસિએશન દ્વારા જિલ્લાકક્ષાની ઝડપી સાયકલ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લા સાયકલીંગ એસોસિએશન દ્વારા જિલ્લા કક્ષાની ઝડપી સાયકલ સ્પર્ધા ગતરોજ યોજાઈ હતી. જેમાં નગરના ભાઈ-બહેનોએ મોટી સંખ્યામાં ભાગ લઈ જુદા જુદા વિભાગમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમ હાંસલ કર્યો હતો. વિજેતાઓ આગામી તા. ૨૯મી જુલાઈએ શાહીબાગ, અમદાવાદ ખાતે રાજ્યકક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા જશે.

જિલ્લાકક્ષાની ઝડપી સાયકલ સ્પર્ધાને સંસ્થાના પ્રમુખ કિશોરભાઈ ગોપલાણી અને દિલીપસિંહ વાઘેલાએ લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું. સબ જુનિયર, જુનિયર, સિનિયર અને ખુલ્લો વિભાગ એમ ચાર વિભાગમાં સમગ્ર સ્પર્ધા યોજાઈ હતી. સબ જુનિયર ભાઈઓની સ્પર્ધામાં પૃથ્વીરાજસિંહ ચૌહાણ પ્રથમ, યશરાજસિંહ વાઘેલા દ્વિતીય અને અજય પ્રજાપતિ તૃતીયક્રમે આવ્યા હતા. સબ જુનિયર બહેનોમાં બીનલ રાઠોડ પ્રથમ, જીલ મકવાણા દ્વિતીય અને કાજલ સોલંકી તૃતીય ક્રમે વિજેતા થઈ હતી. જુનિયર ભાઈઓમાં બ્રિજેશ જાદવ પ્રથમ, સુધીર વસ્તી દ્વિતીય અને વિશાલ શાહ તૃતીય તથા જુનિયર બહેનોની સ્પર્ધામાં દેવાંશી દવે પ્રથમ, કિંજલ ઠાકોર દ્વિતીય અને અપેક્ષા પટેલ તૃતીય ક્રમે વિજેતા થઈ હતી. સિનિયર વિભાગ ભાઈઓમાં ભાર્ગવ સાતા પ્રથમ, રોહન પરમાર દ્વિતીય અને કિરણ પ્રજાપતિ તૃતીય તથા ખુલ્લા વિભાગ ભાઈઓમાં મયૂરરાજસિંહ વાઘેલા પ્રથમ, રમેશકુમાર મેઘવાલ દ્વિતીય અને હેમેન્દ્રસિંહ રાઠોડ તૃતીય ક્રમે વિજેતા થયા હતા. વિજેતા સ્પર્ધકોને સંસ્થાના પ્રમુખ કિશોરભાઈ ગોપલાણી, એસ.કે. રાઠોડ, સંગ્રામસિંહ ચૌહાણ, દિલીપસિંહ વાઘેલા અને દશરથસિંહ ચૌહાણના વરદહસ્તે પ્રમાણપત્ર અને પ્રોત્સાહન ઈનામ આપવામાં આવ્યા હતા. સ્પર્ધાનું સફળ સંચાલન હરીશ લખતરીયા, જયદિપસિંહ ચૌહાણ, એમ.એ. પરમારે કર્યું હતું.

# સ્વામીનારાયણ હાઈસ્કૂલ બાલવાનો આર્ચરી સ્પર્ધામાં ઉત્કૃષ્ઠ દેખાવ

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લાકક્ષાની આર્ચરીની સ્પર્ધાનું તાજેતરમાં સ્વામીનારાયણ હાઈસ્કૂલ, બાલવા ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. સ્વામીનારાયણ હાઈસ્કૂલ બાલવાના અંડર-૧૪ના ૧૦ ખેલાડીઓએ અને અંડર-૧૭ના ૧૯ ખેલાડીઓએ આર્ચરી સ્પર્ધામાં સુંદર દેખાવ કરી રાજ્યકક્ષાએ પસંદગી મેળવી છે.

સ્વામીનારાયણ હાઈસ્કૂલ બાલવાના અંડર-૧૪ના જશ પટેલ, દિવ્યાંગ ચૌધરી, જગદીશ ચૌધરી, તન્મય ચૌધરી, નિલેશ ચૌધરી, માસુમ ચૌધરી, રીયા ચૌધરી, સૃષ્ટિ ચૌધરી, ખુશાલી દરજી અને ઋતુક્ષા ચૌધરીએ આર્ચરી સ્પર્ધામાં સુંદર દેકાવ કરી રાજ્ય કક્ષાએ પસંદગી પ્રાપ્ત કરી છે.

આર્ચરી સ્પર્ધામાં સ્વામિનારાયણ હાઈસ્કૂલ બાલવામાં અંડર-૧૭માં ઠાકોર વિપુલ, ચૌધરી રજનીક, કાર્તિક દેસાઈ, નાગેરા દેસાઈ, ચૌધરી રવિના, મિત્તલ ચૌધરી, જીતુ ચૌધરી, નીષા ચૌધરી, પ્રિયંકા ચૌધરી અને અંડર-૧૯ માં અર્જુન ગાંડલીયા, અક્ષય ચૌધરી, વિશાલ ચૌધરી, જયપાલ વાઘેલા, ધર્મવીર રાણા, ભૂમિ ચૌધરી, જીનલ ચૌધરી, મેઘના ચૌધરી, રવીના ચૌધરી, ખુશ્બુ ચૌધરીએ પણ રાજ્યકક્ષાએ પસંદગી મેળવી છે. શાળા પરિવારે તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

# પુરાણને લગતી વિવિધ સ્પર્ધાઓમાં માઉન્ટ કાર્મેલ શાળાના વિદ્યાર્થીઓ જોડાયા

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગરની હરેરામ હરેકૃષ્ણ સંસ્થા દર વર્ષે નગરના બાળકો માટે સાહિત્યને લગતી તથા પુરાણોને લગતી વૈવિધ્યસભર પ્રવૃત્તિઓ કરે છે. આ વર્ષે હરેરામ હરેકૃષ્ણની અક્ષય પાત્ર સંસ્થાએ નગરની શાળાઓના બાળકો માટે પૌરાણિક વેશભૂષા, ગ્રુપડાન્સ, ડિબેટ જેવી સ્પર્ધાઓનું સુંદર આયોજન કર્યું હતું. પૌરાણિક વિષયની સ્પર્ધામાં માઉન્ટ કાર્મેલ શાળાના વિદ્યાર્થીઓએ સુંદર દેખાવ કરી શાળાનું ગૌરવ વધાર્યું છે.



માઉન્ટ કાર્મેલ શાળાના વિદ્યાર્થીઓએ તાજેતરમાં પૌરાણિક વિષય અંતર્ગત વેશભૂષા, ગ્રુપડાન્સ, ડિબેટ, ભજન જેવી સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો. પૌરાણિક કથાના વેશભૂષા સ્પર્ધામાં શ્રેય જોગાણી, ડિબેટ સ્પર્ધામાં મહિપત, ગ્રુપડાન્સ-ભજન સ્પર્ધામાં ખુશી અને શૈવીએ ભાગ લઈ સુંદર દેખાવ કર્યો હતો. સ્પર્ધામાં ભાગ લેનાર દરેક વિદ્યાર્થીને શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

# શિવ મહિમ્ન સ્તોત્રના શ્રવણ અને પઠનથી રુદ્રીપાઠ જેટલું પુણ્ય મળે છે

## જગતના વ્યક્તિઓ કે વિષયોમાં પ્રેમ થાય તેને આસક્તિ કહેવાય જ્યારે પ્રભુમાં પ્રેમ થાય તેને ભક્તિ કહેવાય : પૂ. ગુરુમા



ગાંધીનગર, તા. ૨૨

સૅક્ટર-૧ ખાતે સ્થિત સમદર્શન આશ્રમ ખાતે તા. ૨૦ જુલાઈથી પૂ. ગુરુમા દ્વારા 'શિવ મહિમ્ન સ્તોત્રમ્' અંગેના વ્યાખ્યાનોનો આરંભ કરવામાં આવ્યો છે.

આ મહાન સ્તોત્રનો મહિમા વર્ણવતાં ગુરુમાએ કહ્યું કે જેમ ભાગવતને પંચમ વેદ કહેવામાં આવે છે તેમ શિવ મહિમ્ન સ્તોત્રને દ્વિતિય રૂદ્ર કહેવામાં આવે છે, જેમાં સમસ્ત વેદાંત ગહન રીતે સમાયેલું છે અને તેના શ્રવણ અને પઠનથી રુદ્રીપાઠ જેટલું પુણ્ય મળે છે. આ સ્તોત્રમાં શિવજીની સગુણ અને નિર્ગુણ સ્વરૂપે ભક્તિ કરવામાં આવી છે. આ સ્તોત્રની રચના શ્રી પુષ્પદંત મહારાજ નામના ગાંધર્વ દ્વારા તેઓના અપરાધની ક્ષમાપ્રાર્થના રૂપે કરવામાં આવી છે. તેમણે આ રચનામાં ભગવાન આશુતોષના સગુણ કે નિર્ગુણ સ્વરૂપનો પાર કોઈ પામી શકે તેમ ન હોવા છતાં જેવી રીતે બાળક માતાને કાલીઘેલી વાણીમાં પ્રેમથી બોલાવે તેવી રીતે પોતાની બુદ્ધિની મર્યાદાને સમજવા છતાં તેની સ્તુતિ કર્યા વિના રહેવું શક્ય ન હોઈ આ સ્તોત્રમાં ક્ષમા-પ્રાર્થના સાથે ભગવાન આશુતોષની મહિમાનું ગાન કરાયું છે. પૂ. ગુરુમાએ જણાવ્યું કે જગતના વ્યક્તિઓ કે વિષયોમાં પ્રેમ થાય તેને આસક્તિ કહેવાય જ્યારે પ્રભુમાં પ્રેમ થાય તેને ભક્તિ કહેવાય. આ સ્તોત્રમાં ભક્ત હૃદયની સરળતા અને સાથે સાથે ખુમારી પ્રગટ થાય છે. સ્તુતિનતા પ્રથમ શ્લોકમાં શિવજીના સંબોધન 'હર'ને સમજાવતાં પૂ. ગુરુમાએ જણાવ્યું કે ભક્તોના પાપને હરિ લે તે હર. વળી પ્રલયકાળે જે સમસ્ત બ્રહ્માંડને પોતાનામાં સમાવી લે તે હર. જ્ઞાન દ્રષ્ટિથી જોઈએ તો જે જીવની અવિદ્યા અજ્ઞાનને હરિ લે તે હર. આવા ભગવાનની દિવ્ય વિભૂતિનો પાર કોઈ પામી શકતું નથી. જેવો મહિમા છે તેવું વર્ણન કોઈ કરી શકવાનું નથી. સ્વયં બ્રહ્માજી કે જેઓ ચાર વેદના જ્ઞાતા છે અને ઘરમાં સાક્ષાત સરસ્વતીજી છે તેઓનો સાથ હોવા છતાં શિવસ્વરૂપનું સંપૂર્ણ વર્ણન તેઓ કરી શકતા નથી. આથી ભક્તની બુદ્ધિની મર્યાદાને અનુરૂપ સ્તુતિ શ્રી પુષ્પદંત મહારાજ કરે છે જેમાં કોઈ દોષ રહી જાય તો તે માટે ક્ષમા માગીને પ્રભુના શરણમાં અનંતકોટિ પ્રણામ કરીને તેઓ સ્તુતિનો આરંભ કરે છે.

બીજા શ્લોકમાં ભક્ત શ્રી પુષ્પદંતજીની ગડમથલ અંગે સમજ આપતાં પૂ. ગુરુમાએ કહ્યું કે શિવજીના સગુણ સ્વરૂપની સ્તુતિ કરવી કે નિર્ગુણ સ્વરૂપની સ્તુતિ કરવી તેની સમજ ભક્તને પડતી નથી. પરબ્રહ્મ શિવ તત્ત્વના નિર્ગુણ સ્વરૂપનું વર્ણન શક્ય નથી. કારણ કે તેઓના સ્વરૂપ સુધી વાણી કે મન પહોંચી શકતા નથી. શિવજી નિર્ગુણ સ્વરૂપે અસંગ, અક્રિયાશીલ અને ઈન્દ્રિયાતીત છે. તેથી વાણીનો વિષય નથી. વાણી જ્યાં અટકે ત્યાં મન પ્રવૃત્ત થાય છે પરંતુ ભગવાનનું નિર્ગુણ સ્વરૂપ અચિંત્ય છે. શ્રુતિમાતા પણ આ નિર્ગુણ સ્વરૂપનું વર્ણન પૂર્ણ રૂપે કરી શકતા નથી અને સમસ્ત વેદ ચકિત થઈને 'નેતિ-નેતિ' કહીને ચૂપ થઈ જાય છે. જે નિર્ગુણ બ્રહ્મ તત્ત્વ નથી તેવા જીવ અને જગત બ્રહ્મ નથી તેવું જણાવીને એટલે કે તેનો નિષેધ કરીને જેનો નિષેધ કરી શકાતો નથી તે બ્રહ્મ છે તેવો અંગૂલીનિર્દેશ માત્ર કરે છે.

# ગાંધીનગર ખાતે બેંક ઓફ બરોડાનો સ્થાપના દિન ઉજવાયો

## સાહિત્યકાર દોલત ભટ્ટના અધ્યક્ષસ્થાને ગવર્નમેન્ટ મેડીકલ કોલેજ ગાંધીનગરના સી.ઈ.ઓ. ડૉ. જતીન બૂચના અતિથિ વિશેષ પદે શાખામાં ૧૦૫ દીવા પ્રગટાવીને જન્મ જયંતિ ઉજવાઈ



ગાંધીનગર, તા. ૨૨

બેંક ઓફ બરોડાના ૧૦૫માં સ્થાપના દિનની ઉજવણી નિમિત્તે ગાંધીનગરની ગેઝીયા શાખામાં ૨૦મી જુલાઈ-૨૦૧૨ના રોજ બેંક ઓફ બરોડાનો સ્થાપના દિન ૧૦૫ દીવાઓ પ્રગટાવી ઉજવવામાં આવ્યો હતો.

જાણીતા કટાર લેખક તેમજ સાહિત્યકાર દોલત ભટ્ટના અધ્યક્ષસ્થાને તેમજ ગવર્નમેન્ટ મેડીકલ કોલેજ ગાંધીનગરના સી.ઈ.ઓ. ડૉ. જતીન બૂચના અતિથિ વિશેષ પદે શાખામાં ૧૦૫ દીવા પ્રગટાવીને જન્મ જયંતિ ઉજવવામાં આવી હતી. ગેઝીયા એસોસિએશનના પ્રમુખ એચ.એમ. પટેલ તથા સેક્રેટરી સુધીર વિચારે અને અન્ય પદાધિકારીઓ વિશેષ સ્વરૂપે ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ગેઝીયા સાખાના વર્તમાન ગ્રાહકો તેમજ ગાંધીનગરમાં વસતા બેંકના નિવૃત્ત સ્ટાફ સભ્યો પણ ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાતના વર્તમાન રણજી ટ્રોફીના જાણીતા ક્રિકેટ ખેલાડી ઈશ્વર ચૌધરી વિશેષ સ્વરૂપે હાજર રહ્યા હતા. દીપ પ્રાગટ્ય અને પ્રાર્થના કર્યા પછી મુખ્ય મહેમાનો દ્વારા બેંકની ૧૦૫મી જન્મ જયંતિ નિમિત્તની કેક કાપીને 'ટીમ ગેઝીયા' દ્વારા ગ્રાહકોને હજી વધારે સારી અને ઉત્કૃષ્ઠ સેવા આપવાનો સંકલ્પ કરવામાં આવ્યો હતો.

નિવૃત્ત ઓફીસર એસોસિએશન ગાંધીનગરના પ્રતિનિધિ આર.ડી. રોહિત અને શાખાના વિશિષ્ટ ગ્રાહક શોંકતહુસેન પઠાણે પણ બેંકને અને શાખાને પ્રગતિના સોપાનો સર કરવાની શુભેચ્છા પાઠવી હતી. કાર્યક્રમમાં ગેઝીયા શાખાના દરેક કર્મચારીગણે ઉત્કૃષ્ઠ સેવા આપી હતી.

## આગવો માણસ - આપણો માણસ

- કિશોર જીકાદરા

### મેહુલિયા રૂસણાં છોડી પધાર

હવે તું સૌને ન ટટળાવ વીરા,
મેહુલિયા, રૂસણાં છોડી પધાર !
હું નથી તાનસેન કે નરસૈંયો,
રીઝવવા તૂને કયાંથી છેડું મલ્હાર ! મેહુલિયા...
તું ન વરસે તો જીવોનું શું થાશે ?
મૂંગા જીવો વરસાવે ફિટકાર ! મેહુલિયા...
તુજ આશાએ ચાતક મોં ખોલી બેઠા,
કયારે વરસે મેહુલિયાની ધાર ! મેહુલિયા...
ગાયોનાં ધણ ટળવળી ભાંભરે,
સુણાયે ના પંખી કલશોર લગાર ! મેહુલિયા...
નદી-નાળાં સુકાઈને સૂઈ ગયાં,
તવ આવ્યે ઊઠી વહેશે અપાર ! મેહુલિયા...
તું હયાત ને ધરા ઓઢે શ્યામસાળુ !
તને કેવી રીતે પોષાય લગાર ?
તું આવ્યે ધરા ઓઢે લીલી ચૂંદડી
ને વૃક્ષો સજશે પર્ણ શણગાર ! મેહુલિયા...
તુજ આગમને મોરલા ગહેંકશે,
પપૈયા કરશે પિયુપિયુ પોકાર.
માનવો મુકત મને મેળે મ્હાલીને,
પોકારશે તુજ છડી જોરદાર ! મેહુલિયા...
માનવને નખરાળાં રીસણાં શોભે,
તું તો કુદરત કળા અલગાર !
વંદે 'દધિ' વારેઘડીએ રૂસણાં ન લે
તું, માનવ બનવાનું છોડ ધરાર ! મેહુલિયા...

- મૂળજીભાઈ પરમાર 'દધિ'

### આજ વરસે

ફોરાંની ફોરમમાં વાદળીના વ્હાલને
ઝાડવાંએ ઝીલ્યું બે હાથે...
ધરતીના ધગધગતા હૈયાને ઠારતું,
હેલીનું હેત આજ વરસે...
દેડકાંએ માંડ્યો છે દેકારો આમતેમ,
દરિયો બનીને ગામ ઊભરે...
સૂકાં એ ખેતરુંને શેઢે ઊભેલી,
ઓલી આંબલીનું ગીત આજ ગૂંજે...
નદીયુંના કાંઠા પર સૂકા એ ઘાસને
જીવતરની લ્હાણ આજ મળશે...
હરિયાળા હૈયાનું હેત લઈ હરખેલો
સીમાડો સ્હેજ આમ મલકે...

- શૈલેષ પંડ્યા

### દીકરી

દીકરી વ્હાલ ભરેલી વેલી, દીકરી હેત હરખની હેલી,
દીકરી ખળખળ વહેતું ઝરણું, દીકરી થનગન રમત હરણું.
દીકરી આશ અમીરસ ઝારી, દીકરી ફુલ ફોરમની કયારી.
દીકરી ઘર ઉંબરનો દીવો, દીકરી ઝળહળ રામણ દીવો.
દીકરી માન સરોવર મોતી, દીકરી શરદ પૂનમની જ્યોતિ.
દીકરી કાળજા કેરો કટકો, દીકરી લાડ લડાવણ લટકો.
દીકરી આંગળ તુલસી કયારો, દીકરી જનમ જનમ સથવારો.
દીકરી દેવ તણી દુલારી, દીકરી જગ આખાની પ્યારી.
દીકરી સાત સુરોનું ગાણું, દીકરી નજર તણું નજરાણું.
દીકરી વેદ વદંતી વાણી, દીકરી સ્નેહતણી સરવાણી.
દીકરી વા'ની મારી કોયલ, દીકરી પરોઢ પંખી કલકલ.
દીકરી મૈયર કેરી માયા, દીકરી સાસરિયાની છાયા.

- બાબુભાઈ આર. નાયક

### આવ્યો વરસાદ... પલળી લ્યો...

આવ્યો વરસાદ, પલળી લ્યો. ભીની માટીની સુગંધ લઈ લ્યો.
થનગનતાં મોરની જેમ નાચી લ્યો, હૈયામાં આનંદ ઉમંગ ભરી લ્યો.
આવ્યો વરસાદ, પલળી લ્યો.
જુઓ સમુદ્ર કેવો ઉછાળા મારે, પવન કેવો વાદળોને ધમરોળે.
તમેય એમાં ખુશીથી ઉછળી લ્યો, કાગળની હોડીને પાણીમાં તરાવી લ્યો.
આવ્યો વરસાદ, પલળી લ્યો.
ઑફિસ તો હવે રોજે જ હોય છે, કામેય કાયમનું લદાયેલું જ હોય છે.
મનમાં તો પલળવાની ઇચ્છા હોય છે, મનની ઇચ્છાને પૂર્ણ કરી લ્યો.
આવ્યો વરસાદ, પલળી લ્યો.
સર્દી, ખાંસી તો રહી રોજની જ, એની દવા પણ ગળો એની એ જ.
પછી તો પીવાં જ પડશે કડવાં કાઢા, પહેલાં મન ભરીને અમૃત પી લ્યો.
આવ્યો વરસાદ, પલળી લ્યો.
જુઓ હરિયાળાં વૃક્ષો કેવાં ડોલ્યાં, ગરમાગરમ ભજીયાં ઝાપટી લ્યો.
વર્ષાઋતુની મજા માણી લ્યો, આવ્યો વરસાદ, પલળી લ્યો.

- સંજય થોરાત

# એસ.જી. ઈંગ્લિશ મિડીયમ સ્કૂલમાં ફાધર્સ ડે અંતર્ગત પ્રવૃત્તિઓ યોજાઈ

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર સેક્ટર-૨૩માં આવેલા કડી સર્વ વિદ્યાલય કેમ્પસની એસ.જી. અંગ્રેજી માધ્યમની પ્રાથમિક શાળામાં ફાધર્સ ડે નિમિત્તે એક મહિના સુધી વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ પિતા પ્રત્યેના પ્રેમને તથા કૌટુંબિક જીવનમાં પિતાની છત્રછાયાને સમજી પોતાની સહૃદયની ભાવનાઓ પ્રગટ કરી શકે તે આશયથી શાળાના આચાર્યા અંજલિબેન ટેકવાને દરેક શિક્ષક ગણના સહકારથી ધોરણ ૧ થી ૮ના બાળકો માટે 'ફાધર્સ ડે' નિમિત્તે ડ્રામા, સોંગ, સ્પીચ, પોયમ, કાર્ડ મેકિંગ જેવી વિધવિધ પ્રવૃત્તિઓનું સતત એક મહિના સુધી આયોજન કર્યું હતું.

એસ.જી. ઈંગ્લિશ મિડિયમ પ્રાયમરી વિભાગના સુપરવાઈઝર કિન્નરીબેન દવેએ 'ફાધર્સ ડે' નિમિત્તે શાળામાં યોજાયેલી અઠવાડિક પ્રવૃત્તિઓ આપી જણાવ્યું હતું કે, બાળકોએ જૂન મહિનામાં ફાધર્સ ડે નિમિત્તે જુદા જુદા ગ્રેટીંગ્સ કાર્ડ તૈયાર કર્યા હતા, અપર પ્રાયમરી વિભાગના વિદ્યાર્થીઓએ ડ્રામા, સોંગ અને સ્પીચ તૈયાર કરી સ્ટેજ પર ભજવી હતી. પિતાને લગતા કાવ્યોનું ગાન કર્યું હતું. વિવિધ રંગના ચાર્ટ પેપર ઉપર પિતા-પુત્રના ફોટોગ્રાફ લગાડી સુંદર ચાર્ટસ તૈયાર કર્યા હતા. દરેક બાળકે પોતાના હાથે શાળામાં ગ્રેટીંગ્સ કાર્ડ તૈયાર કરી, સુંદર લેખન કાર્ય કરી પિતાજને ફાધર્સ ડે નિમિત્તે ગિફ્ટમાં આપ્યું હતું.

શાળાના શિક્ષકોએ બાળકોને પિતા પ્રત્યેની પોતાની ફરજો, વિવેકીપણું, શીલતા, સૌજન્યતા અને પિતૃઋણ સમજાવી ઈશ્વર તુલ્ય પિતા પ્રત્યે સદા પ્રેમભાવ અને સૌજન્યતાના ગુણ વિકસાવવા અનુરોધ કર્યો હતો.

# આજે આપણે સાદા વર્તમાનકાળનો અભ્યાસ કરીએ

## ક્રિયા કયા સમયે બની તે દર્શાવવા કાળનો ઉપયોગ થાય છે, કાળના મુખ્ય ત્રણ પ્રકાર છે

॥ પહેલો મણકો ॥

ભાષા અભિવ્યક્તિનું ઉત્તમ માધ્યમ છે. જેના માટે ચાર કૌશલ્યો છે : **Reading, Writing, Listening** અને **Speaking.** વાંચવું, લખવું, સાંભળવું અને બોલવું. આ ચાર કૌશલ્યો થકી ભાષા પ્રથમ શીખાય પછી આત્મસાત કરી શકાય. આ કૉલમમાં આપણે અંગ્રેજી ભાષાને પાયામાંથી શીખવાનો પ્રયત્ન કરીશું. રોજિંદી વ્યવહારમાં આપણને ખાસ કરીને ગૃહિણીઓને અંગ્રેજી ભાષા વાંચવા, લખવામાં અને બોલવામાં તકલીફ પડે છે.

માતૃભાષા મા છે તો અંગ્રેજી માસી છે. મા પછી માસીનું મહત્ત્વ તો છે જ. વળી, પ્રવર્તમાન પ્રવાહોને ધ્યાને લઈએ તો અંગ્રેજી વગર ચાલતું નથી અને ચાલશે પણ નહીં. સૌ પ્રથમ કોઈ પણ ભાષા શીખવા પ્રથમ તેના વ્યાકરણનો અભ્યાસ જરૂરી છે. અને વ્યાકરણ એટલે પધ્ધતિસરનું ભાષાકીય માળખું. દા. ત. ગુજરાતીમાં આપણે કહીએ છીએ, 'મને કેવું ભાવે છે.' **I like a banana.**

**I** - કર્તા, **like** - ક્રિયાપદ, **a banana** - કર્મ, કર્તા - **Subject**, ક્રિયાપદ - **Verb**, કર્મ - **Object** તો વાક્ય રચના **S V O.** થાય જયારે ગુજરાતીમાં **S O V** એટલે મને - **Subject**, કેળુ - **Object**, ભાવે છે - **Verb.**

સૌ પ્રથમ આવા નાના નાના વાક્યો બનાવીએ. કોણ કહે છે એક કિલોમીટરનું લાંબુ વાક્ય બનાવો, આપણે તો અંગ્રેજી શીખવા પ્રથમ કર્તા, ક્રિયાપદ અને કર્મની જ જરૂર છે. જેની મદદથી પ્રથમ કાળનું જ્ઞાન પ્રાપ્ત કરી શકાય.

-: **TENSES** (કાળ) :-

- ક્રિયા કયા સમયે બની તે દર્શાવવા કાળનો ઉપયોગ થાય છે.

- કાળના મુખ્ય ત્રણ પ્રકાર છે.

**(1) Present Tense** (વર્તમાન કાળ)
**(2) Past Tense** (ભૂતકાળ)
**(3) Future Tense** (ભવિષ્યકાળ)

ઉપરોક્ત ત્રણે કાળનાં ત્રણ પેટા પ્રકારો છે :

**(1) Simple** (સાદો), **(2) Continous** (ચાલુ)
**(3) Perfect** (પૂર્ણ)

આમ, આ રીતે બધા મળીને કાળના નવ પ્રકાર થાય.

આજે આપણે સૌ પ્રથમ સાદા વર્તમાનકાળનો અભ્યાસ કરીશું. સૌ પ્રથમ વર્તમાનકાળનો અભ્યાસ કરીશું.

## આવો અંગ્રેજી શીખીએ

- ચેતના બુચ

| | એકવચન | બહુવચન |
|---|---|---|
| પ્ર.પુ. | **I** (આઇ) હું | **We** (વી) અમે |
| બી.પુ. | **You** (યુ) તું | **You** (યુ) તમે |
| ત્રી.પુ. | **He** (હી) તે<br>**She** (શી) તેણી<br>**It** (ઇટ) તે | **They** (ધે) તેઓ, |

(પ્રાણી, પદાર્થ, નિર્જીવ વસ્તુ માટે, નાન્યતર જાતિ)

હવે, આ કાળના રૂપો જોઈએ **To write** - લખવું

| | **Singular** (એ.વ.) | **Plural** - (બ.વ.) |
|---|---|---|
| **1st Person** | **I write**<br>(હું લખું છું.) | **We write** -<br>(અમે લખીએ છીએ) |
| **2nd Person** | **You write**<br>(તું લખે છે.) | **You write** -<br>(તમે લખો છો.) |
| **2rd Person** | **He writes**<br>(તે લખે છે)<br>**She writes**<br>(તેણી લખે છે)<br>**It writes**<br>(તે લખે છે) | **They write**<br>(તેઓ લખે છે) |

ઉપરોક્ત રૂપોમાં ત્રી.પુ. એ.વ.માં આપણે **'s'** અથવા **'es'** પ્રત્યય ક્રિયાપદના છેડે લગાડીએ છીએ.

જેનો નિયમ નીચે મુજબ છે.

સ્પેલીંગના છેડે **'s, ss, ch, sh,'** કે ટ આવે તો **'es'** પ્રત્યય લાગે છે. દા.ત... **To go - sŏwt - goes** ર્ગ ને **'es'** લગાડાય.

બાકીના સ્પેલીંગના છેડે 'જ' પ્રત્યય લગાડાય.

આવી રીતે **To go** - જવું - **To play** રમવુંના સાદા વર્તમાનકાળના હકારાત્મક રૂપો બનાવી શકાય.

ચાલો અંગ્રેજી શબ્દભંડોળને સમૃદ્ધ બનાવીએ.

મિત્રો, આ વિભાગ અંગ્રેજી આવડે જ છે તેમનું શબ્દ ભંડોળ વધારવાનો પ્રયાસ છે. દરેક કોલમમાં પાંચ શબ્દો એક વિભાગને લગતા શીખશું.

દા.ત.. ખેતી, બેંક, યજ્ઞ, ફળફળાદિ, શાળા, વૃત જેવા વિભાગમાં અપરિચિત શબ્દોનો અભ્યાસ કરીશું.

આજે યજ્ઞ વિષયક પાંચ શબ્દોનો પરિચય મેળવીએ.

**Alter** (અલ્ટર) યજ્ઞવેદી — **Xyst** (ઝીસ્ટ) યજ્ઞશાળા
**Hertus** (હર્ટસ) શંખાવલી — **Barley** (બાર્લે) જવ
**Censee** (સેન્સી) ધૂપદાની